## <u>આંક–૦૧ નીચે હુકમ</u>

૧. રેકર્ડ ધ્યાને લીધું, હાલની ફરિયાદ ધી નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ કલમ–૧૩૮ હેઠળ કરવામાં આવેલ છે. હાલનો કેસ સને ૨૦૧૮ નો છે. અત્રેની અદાલત ધ્વારા ફરિયાદીને આરોપીનું નવું સરનામું રજુ કરવા માટે પુરતી તક આપવામાં આવેલ છે તેમ છતાં પણ ફરિયાદી અત્રેની અદાલત સમક્ષ હાજર રહીને આરોપીનું નવું સરનામું રજુ કરેલ નથી. તે અંગે કેસનું રેકર્ડ ધ્યાને લેતાં અત્રેની અદાલત ધ્વારા આરોપીના સરનામે પ્રોસેસ કાઢવામાં આવેલ છે, જે વગર બજે પરત ફરેલ છે. ત્યારબાદ ફરિયાદી ધ્વારા આંક–૦૫ થી ફરિયાદી બદલવાની અરજી રજુ થતાં કોસ્ટની રકમ ભરવાની શરતે અત્રેની અદાલત ધ્વારા અરજી મંજુર કરવામાં આવેલ છે અને ત્યારબાદ ફરિયાદી ધ્વારા નવી સરતપાસ રજુ કરવા માટે મુદતની માંગણી કરેલ છે, પરંતુ આંક–૫ લગત થયેલ હુકમ મુજબ ફરિયાદી ધ્વારા કોસ્ટની રકમ ભરપાઈ થયેલ ન હોય અત્રેની અદાલત ધ્વારા વિગતવાર હુકમ કરી, ફરિયાદીની મુદત અરજી નામંજુર કરવામાં આવેલ છે.

૨. વધુમાં, સદર કેસ ૨૦૧૮ નો હોય ફરિયાદીને આજરોજ હાજર રહેવા માટેની મુદત આપવામાં આવેલ છે તેમ છતાં પણ ફરિયાદી હાજર નથી તેમજ તેઓના વિધ્વાન વકીલશ્રી અન્ય કેસમાં હાજર છે, પરંતુ સદર કેસ બાબતે કોઈ રજુઆત નથી કે મુદત રીપોર્ટ પણ રજુ કરેલ નથી. આમ, કેસનું રેકર્ડ ધ્યાને લેતાં સદર કેસ ૨૦૧૮ ની સાલનો છે અને નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા પત્રક્રમાંક નં.D 2917/2017 તા.૧૭/૦૧/૧૯ અન્વયે ૧૦ વર્ષ જૂનાં કેસો ઝડપથી ચલાવવા માટે સૂચના આપેલ છે, જે પણ ધ્યાને લેતાં ફરિયાદી ધ્વારા આરોપીના નવા સરનામાના અભાવે લાંબા સમયથી કેસ પડી રહેલ છે. વધુમાં આ તબકકે **Hon'ble Supreme Court in case, in Re : Expeditious Trial of cases under section 138 of N.I.ACT 1881, AIR 2021 SC 1957** ના ચુકાદામાં સ્પીડી ટ્રાયલ ચલાવી છ માસમાં કેસ પૂર્ણ કરવાનો ચુકાદો આપેલ છે, તેમ છતાં હાલનાં કામે ફરિયાદી તરફે મુદતે હાજર થઈ કેસ ચલાવેલ નથી અને તે ફરિયાદપક્ષની બેદરકારી જ ગણી શકાય તેવું અત્રેની અદાલતનું માનવું છે.

૩. વધુમાં, નામ. સુપ્રીમ કોર્ટે **એસ. રામાક્રિષ્ના વિ. રામીરેડડી,(૨૦૦૮)(૦) એ.આઈ.આર (એસ.સી.)૨૦૬૬** ના ચૂકાદામાં ઠરાવેલ સિધ્ધાંત મુજબ ફરિયાદીને અચોકકસ સમયગાળા માટે ફરિયાદ પડતર રાખી મૂકવા માટે અનુમતિ આપી શકાય નહીં તે સાથોસાથ નામ.ગુજરાત હાઈકોર્ટનો **ભવાની ટેક્ષટાઈલ્સ મીલ્સ વિ.સ્ટેટ ઓફ ગુજરાત, ક્રિમીનલ અપીલ નંબર–૨૪૦૫/૦૯, તા.૧૮/૦૧/૧૦** નો ચુકાદો ધ્યાને લેતાં તેમાં નામ. ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ છે કે, ફરિયાદી કે તેમના વિ.વ.શ્રી લાંબા સમયથી

કાર્યવાહીમાં હાજર રહેતા ન હોય કે કાર્યવાહી આગળ ધપાવવા કોઈ સક્રિય પ્રયાસ કરતાં ના હોય, તેને ફરિયાદપક્ષની બેદરકારી કહેવી પડે અને તેવી બેદરકારી સબબ સદર ફરિયાદ રદ થવાને પાત્ર છે. વધુમાં, હાલના કેસમાં પણ ઉપરોકત કરેલ ચર્ચા મુજબ ફરિયાદીના કસુરના કારણે આગળની કાર્યવાહી થતી ન હોઈ સદર ફરિયાદ રદ કરવાને પાત્ર હોઈ ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

૧. હાલની ફરિયાદ ફરિયાદીની બેદરકારી અને કસુરના કારણે રદ કરવામાં આવે છે.

૨. આરોપીને છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૦૬ ઠ્ઠી, માહે : ઑગસ્ટ, સને–૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

તા.૦૬/૦૮/૨૦૨૪
અમદાવાદ

**(સાગર સતીષકુમાર પરીખ)**
૩૨ માં એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નં.૨૯, અમદાવાદ.
(જી.જે.–૦૧૧૩૫)